वर्ष : ११ सने : २०१८ सं.२०७४
अंक : ५, સળંગ અંક -७८ भादरवो सप्टेम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૫ સપ્ટેમ્બર ભાદરવો/સળંગ અંક-૭૮

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **તૃપ્તિ - અતૃપ્તિ - ૨**

★ **મુનિભગવંતોની ઋદ્ધિ - ૩**

★ **અનુમોદનાનો અમૃતથાળ**


## આર્ષવાણી

**चिन्तया वर्धते व्याधिः,**

**चिन्तया क्षीयते तनुः ।**

**चिन्तया हीयते बुद्धिः,**

**तस्मात्कार्या न सा बुधैः ।।**

ચિન્તા કરવાથી શારીરિક રોગોમાં વધારો થાય છે.ચિન્તા કરવાથી શરીર દુબળું પડે છે. ચિન્તા કરવાથી બુદ્ધિમાં ઘટાડો થાય છે.માટે શાણા માણસોએ ચિન્તા ક્યારેય ન કરવી.

ધનાઢ્યતા, રાજકુળમાં માન - પાન સદાચારી પત્ની, વિનયી પુત્રો, ધર્મમાં બુદ્ધિ અને સજ્જનોની સંગતિઃ આ છ માનવ લોકના સ્વર્ગ છે.



# ★ તૃપ્તિ - અતૃપ્તિ - ૨ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

ધન - વૈભવના વિષયમાં જીવો કેવા અતૃપ્ત છે, તેની વાત ગતાંકમાં કરી હતી. હવે જીવવાની બાબતમાં અતૃપ્તિની વિચારણા કરવી છે. ધનના ઢગલા હોય પણ જીવન લાંબુ ન હોય તો ? પરિવાર હોય પણ આયુષ્યનું પ્રમાણ ન હોય તો ? શરીર નીરોગી હોય પણ આયુષ્યની દોરી ટૂંકી હોય તો ? ઈન્દ્રીયો સક્ષમ છે પણ જીવાડનારું આયુષ્ય જ અલ્પ હોય તો ? તેથી બીજા નંબરમાં શાસ્ત્રકાર કહે છેઃ જીવિતવ્યના વિષયમાં જીવો અતૃપ્ત છે. દરેકને જીવવાની ઈચ્છા - જીજીવિષા હોય છે. મરવું કોને ગમે ?

હા, માત્ર નરકભૂમિમાં રહેલા નારકી જીવો સતત એટલાં જાલિમ દુઃખોમાં પિસાતા હોય છે કે, તેમને 'મોત ક્યારે આવે' એવો વિચાર સતત આવતો હોય છે. એટલે કે મોતને સામેથી બોલાવાનું - ભેટવાનું મન માત્ર નારકીઓને જ હોય છે. તેથીં જ તેના આયુષ્યને પાપપ્રકૃતિ ગણાવી.... બાકીની ત્રણે ગતિના આયુષ્યની પુણ્ય પ્રકૃતિમાં ગણના કરી છે.

આગામી જન્મ તો મળવાનો જ હોવા છતાં મૃત્યુ કોઈને વહાલું નથી. જ્યાં સુધી સંસારમાં જીવ છે ત્યાં સુધી નવા - નવા જન્મો તો મળવાના જ છે. પરંતુ મૃત્યુ કેમ પસંદ નથી ? જવાબ સામાન્ય એવો મળે કે - મૃત્યુ અને જન્મઃ બંને વેદના વગર પ્રાપ્ત થતાં નથી. વેદના કોઈને પસંદ નથી. સુખરસિક જીવોને દુઃખ ક્યાંથી ગમે ? એમાંય મૃત્યુની વેદના સૌથી વધુ ગણાય છે, વળી, માનવ વગેરે જીવોએ મેળવેલું - મળેલું, ભેગું કરેલું, ઊભું કરેલુ, પરિશ્રમ પૂર્વક પ્રાપ્ત કરેલું હોય તેને છોડવું ક્યાંથી ગમે ? નવા જન્મમાં કેવું - કેટલું મળશે ? જન્મ ક્યાં મળશે ? શરીર વગેરે કેવું મળશે ? પરિવાર વગેરે કેવો હશે ? આ બધા પ્રશ્નો નિરુત્તર રહે છે. તેથી જીવને મરવું ઈષ્ટ નથી.

મૃત્યોનો ડર માત્ર ડરપોકને ડરાવે છે એવું નથી; શક્તિશાળી - શહેનશાહોનેય, માંધાતાઓને ખેરાખાંઓને પણ સતત મોતનો જ ડર હોય છે. વનરાજ કેસરી (સિંહ) ને કોઈ પણ પ્રાણિનો ડર ભલે ન હોય પરંતુ તેય મૃત્યુથી થર - થર કંપે છે. તે જ રીતે સત્તા, સંપત્તિ, શક્તિ (બળ) હોવા છતાં, ભલ - ભલાને ડરાવી શકે તેવો હોવા છતાં, એક વાર દિગ્વિજય કરી ચૂક્યો હોય તોય, ધરતીને ધ્રુજાવી નાખનારોય મોત આવે ત્યારે પોતે ધ્રૂજી ઊઠે છે !

દુનિયા તેથી જ એ મૃત્યુ કોઈ વ્યક્તિ ન હોવાં છતાં તેને '**યમરાજ**' શબ્દથી

નવાજે છે. યમરાજ રાજ - રાજેશ્વરોને - ઈન્દ્રોનેય ડરાવી દે છે ! વાસ્તવિકતયા વિચારીએ તો યમરાજ જેવું કાંઈ જ નથી. જીવને લાવનાર - લઈ જનાર અર્થાત્ ભવ - પરિવર્તન કરાવનાર યમરાજ નથી. પુણ્ય - પાપનું પરિણામ - ફળ આપનાર કોઈ જ નથી. જગતનું નિર્માણ કરનાર કોઈ જ નથી. તે તે જીવોનાં પુણ્ય - પાપના આધારે સૌને ફળ મળે છે. એક ભવનું આયુષ્ય પૂરું થતાં જ નવા ભવના આયુષ્યનો પ્રારંભ થાય છે. આ કર્મ જ ભવાંતરમાં લઈ જનાર છે. વ્યક્તિ હોય તો તેના ઉપર નિયંત્રણ કોનું ? તેનો હિસાબ કોણ રાખે ? જો તે વ્યક્તિ હોય તો તેની ભૂલ થવાની શક્યતા પણ રહે ..... આવી ભૂલ ક્યારેય થતી જ નથી. કર્મ જ આમાં જવાબદાર છે. કર્મના હિસાબને રાખનાર કોઈ જ નથી. માટે એમાંય ભૂલ આવતી નથી. જીવનાં કર્મો પ્રમાણે જ જગતની ગોઠવણ પણ થાય છે, કેટલાંક વ્યક્તિગત કર્મો હોય છેતો કેટલાંક સામુહિક કર્મો હોય છે. કર્મ રહિત - સિદ્ધના જીવો પર એની કોઈ જ અસર હોતી નથી. મતલબ તો એ જ થયો કે - કર્મથી જ બધું ગોઠવાય છે. સંયોગ - વિયોગાદિ ભાવો કર્મોના આધારે જ બને છે.

જીવોને અતૃપ્તિ કરાવનાર આ કર્મો જ છે. લોભાદિ કષાયો, પાંચ ઈન્દ્રિયના વિષયોની પ્રાપ્તિ - અપ્રાપ્તિ વગેરે કર્મને આધીન છે. કર્મની પરાધીનતાનો જ વિસ્તાર કષાયો - વિષયો - સંજ્ઞાઓ વેગેરે છે. ભૂતકાલીન કર્મોના આધારે જ તમામ પૌદ્ગલિક - ભૌતિક ચીજોની પ્રાપ્તિ થાય છે. તે સમયે વધુ મેળવવાનો વિચાર - ભાવ, લોભાદિ કષાયો, આહારાદિ સંજ્ઞાઓ અને ભોગાંતરાય - ઉપભોગાંતરાય લાભાંતરાયાદિ કર્મના ક્ષપોપશમ, ઉદય વગેરેને આધારે થાય છે. જીજીવિષા પણ કર્મના ઉદય જન્ય ભાવ જ છે. મૃત્યુનો ભય; શાસ્ત્રોનાં ટંકશાળી વચનોને વિચારી - વાગોળી, જેણે હટાવી દીધો હોય, તેવા મુનિવરોને જીજીવિષા હોતી નથી. તેમનો જીવન મંત્ર એક જ હોય છેઃ જીવીશું તો આરાધના કરીશું, મરીશું તોય આરાધના કરતાં કરતાં પરલોકની યાત્રાએ નીકળશું.

જન્મ - મૃત્યુની ઘટમાળ, કર્મના આધારે ચાલે છે, તેને તોડવા જ ધર્મ સાધના છે. ધર્મ સાધના જોમ પ્રગટાવવા જ ભાવનાનો સાહારો લેવાનો છે. કયા સમયે કઈ ભાવના ભાવવી ? કેવી રીતે ભાવવી ? તેની સમજ શ્રુતજ્ઞાનના માધ્યમથી મળે છે. માટે જ તો મુનિવરોને જીવવાની ઈચ્છા નથી હોતી કે મરવાની પરવા નથી હોતી કે ઉતાવળ નથી હોતી. કર્મને મારવાની ઈચ્છા જરૂર હોય છે. કારણ, કર્મ મરી ગયાં પછી આવી કોઈ જફા રહેતી નથી. જીવને મારનારાં કર્મો છે. કર્મો જ મરી ગયાં પછી જીવો અમર બની જાય છે. સાચું અમૃત આ જ છે. અમરત્વ પ્રાપ્તિનો સાચો માર્ગ પણ આ જ છે.



ક્રોદાદિ કષાયો પર, આહારાદિ સંજ્ઞાઓ પર, પાંચે ઈન્દ્રિયના વિષયો પર જેમણે વિજય પ્રાપ્ત કરી લીધો હોય તેઓ સાચા યોગી છે. આવા યોગી સિવાય બધાને જીજીવિષા પરેશાન કરે છે. જર્જરિત થયેલા શરીરનુંય મમત્વજીવોને છૂટતું નથી. શરીર - સશક્ત - રૂપવાન હતું, ઈન્દ્રિયો સતેજ હતી ત્યારે તો ઠીક પણ હવે દાઢો - દાંતો પડી ગયા હોય, ઈન્દ્રિયોમાં ઝાંખપ, બહેરાશ, શિથિલતા આવી ગઈ હોય, શરીરની ચામડી લબડી પડી હોય, મોઢામાંથી સતત લાળ ઝરતી હોય, કોઈ બોલાવતું ન હોય, કોઈ કાંઈ પૂછતું ન હોય.... લાકડીના ટેકે પણ ચાલવાની હામ ન રહી હોય, કમરથી વળી ગયો હોય... એવા જીવોનેય પૂછો કે, પરલોકમાં જવું છે..? તોય એ મરવાની નહિ, જીવવાની જ ઈચ્છા વ્યક્ત કરતો હોય છે ! પરલોકમાં નહીં આવનાર ચીજો કે વ્યક્તિઓ માટે આર્તધ્યાન કે રૌદ્રધ્યાન કરી ચીકણાં - ક્લિષ્ટ કર્મો જ બાંધતો હોય છે. આવો કે આવા જીવો બિચારા રાંક જ લાગે ને ? જ્ઞાનીઓને એમના ઉપર દયા જ જાગે ને ? કરુણા જ ઉત્પન્ન થાય ને ?

જીવવાની ઈચ્છાથી કે પ્રયત્નથી નથી જીવાતું..... મરવાની ભાવનાથી કે પ્રયત્નથી નથી મરાતું : (આપઘાત કરે તે વાત જુદી છે, એ મુદ્દો થોડી ચર્ચા માગે છે.) આયુષ્યની દોરી તૂટી તો સંધાતી નથી. ઈચ્છા માત્રથી એ દોરી તૂટતી પણ નથી. આ વાતની અજ્ઞાનતા જ જીવોને જીવવાની ઈચ્છા જગાડે છે કે મરવા તરફ દોરે છે. જીવન - મરણ પોતાના આધીન જ નથી તો ઈચ્છા જ ન કરવી જોઈએ, માત્ર આરાધના જ કરવી જોઈએ.....એ આરાધના બંને ઈચ્છાનો નાશ કરી નાખશે. ઈચ્છાનો અંત આવ્યા પછી જીવન કે મરણ આવે તેનો આનંદ કે શોક ક્યારેય હેરાન નહીં કરે.

અનંતા ભવ કર્યા, અનંતા જન્મ મળ્યા, અનંતા જીવન મળ્યાં.... તોય સંતોષ નથી. હજી જન્મ મરણથી કે જીવનથી સંતોષ નથી. જ્યાં કંટાળો આવવો જોઈએ, ત્યાં આનંદ આવે છે....! એ અનંત જીવનમાં કઈ ચીજ ભોગવવાની કે કરવાની બાકી રાખી છે ? ના ....કાંઈ જ બાકી નથી..છતાં જીવન જીવવાની ઈચ્છા, અતૃપ્તિ જીવનને ભૂતની જેમ વળગેલી છે. જીવવાની ઈચ્છા શા માટે હોય છે ? આ પ્રશ્નનો જવાબ એ છે કે - ભેગું કરવા અને ભોગવવા માટે..... બીજા નંબરમાં ડરામણા મૃત્યુથી દૂર રહેવા માટે..... પરંતુ ક્યાં સુધી ભાગશો ? નદીમાં જાઓ, પર્વતની ટોચ પર પહોંચો, ગુફામાં સંતાઈ જાઓ કે ભોંયરામાં ઊતરી જાઓ....મૃત્યુ તો આવવાનું જ છે. કોઈ પકડવાવાળી વ્યક્તિ હોય તો આવા સ્થાનો ન શોધી શકે. કર્મને શોધવા માટે પ્રયત્ન કરવો પડતો જ નથી. અભેદ્ય બંકરમાં કેમ ન ચાલ્યા જાઓ. ત્યાંથીય કર્મસત્તા તો ઉપાડી લાવશે. જગત આખાને

હાથતાળી આપનારો માનવ મૃત્યુને ક્યારે હાથથાળી આપી શકે ખરો ? ના.... નહીં જ.

દુશ્મનને 'માત' કરવા માટે જેમ તેનો વ્યવસ્થિત પરિચય જરૂરી બને છે, તેમ મૃત્યુને 'માત' આપવા માટે મૃત્યુનું જ્ઞાન જરૂરી છે. ડરવાથી મૃત્યુ ચાલ્યું જતું નથી. એને ડરાવવાની જરૂર છે. ડરાવવા માટે જન્મનો ડર જરૂરી છે. એ ડર પેદા થયા પછી અજન્મા બનવાની સાધના હાથ લાગશે. એ સાધનાની સિદ્ધિ થતાં જ મૃત્યુ પોતાનો સરસામાન લઈ કાયમ માટે અલવિદા કરી દેશે ! પછી આપણે આનંદથી ઝૂમી ઊઠીશું.....ગાઈ શકીશું....'મૃત્યુ મરી ગયું રે લોલ !

(ક્રમશઃ) ધ

## ★ મુનિભગવંતોની ઋદ્ધિ -૩ ★★★

**- પૂ આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

ગત બે લેખાંકોમાં મુનિભગવંતોની સાચી ઋદ્ધિનું વર્ણન કર્યું : એમાં ચાર પ્રકારની ઋદ્ધિમાંથી બે પ્રકારની વિચારણા કરી. ત્રીજી ઋદ્ધિની વિચારણામાં સાચી સ્ત્રી એટલે કે જે સ્ત્રીનો સંગ ક્યારેય તમને દુર્ગતિમાં ન લઈ જાય તેવી ઈન્દ્રાણીની ઉપમાવાળી 'સમતા' ની વાત કરી. મુનિ માટે ઈન્દ્રાણી જેવી સ્ત્રી સમતા છે.

સામાન્યતયા ઋદ્ધિની બાબતમાં દેવેન્દ્રો ચઢી જાય છે. તેથી જ તેમની બાહ્ય ઋદ્ધિ સાથે જૈનશ્રમણની અભ્યંતર ઋદ્ધિની સરખામણી કરી છે. બાહ્ય ઋદ્ધિની ભોગવૃત્તિ દુર્ગતિમાં તાણી જાય છે. અભ્યંતર ઋદ્ધિ જેમ જેમ વધારે ભોગોપભોગમાં લો તેમ તેમ ઉચ્ચગતિનું કારણ ....... અને મુક્તિનું કારણ બને છે. ભોગવવા માટે એમાં વિશષ શક્તિનો વપરાશ નથી થતો. પરંતુ શક્તિની વૃદ્ધિ થાય છે. ભોગવવામાં આસક્તિનો દોષ નથી લાગતો. ભોગવવાથી કર્મનો બંધ નહિં....ક્ષય થાય છે ! ગુણહાનિ નહિ, ગુણોની વૃદ્ધિ થાય છે ! ભોગવાથી તે ઋદ્ધિમાં ઘટાડો નથી થતો, વધારો જ થાય છે. આ અભ્યંતર ઋદ્ધિ ભોગવનાર ઈર્ષ્યાનો ભોગ નથી બનતો. અદેખાઈના કરાણે એમનું કોઈ અહિત નથી કરતું. આ અભ્યંતર ઋદ્ધિની કોઈ ચોર ચોરી નથી કરી શકતો ! તેના કારણે સાચવવાની ચિંતા સતાવતી નથી. આવા તો ઘણા લાભો આ મુનિવરોની અભ્યંતર ઋદ્ધિના ગણાવ્યા છે. જ્યારે બાહ્ય ઋદ્ધિના ઘણા દોષોની દાસ્તાન પણ પ્રદર્શિત કરી છે. ગુણોની ગરિમા એને દોષોની દાસ્તાન જાણ્યા પછી બાહ્ય નહિ પરંતુ અભ્યંતર ઋદ્ધિની પ્રાપ્તિ માટે, ભોગવ માટે જ દિલ લાલાયિત બનશે.

સામાન્ય - ઉપલક દ્રષ્ટિએ વિચારણા કરવામાં આવે તો સ્ત્રીનો ભોગવટો



દુર્ગતિનું જ સર્જન કરનાર ગણાય. રાજમાર્ગે પ્રરૂપણા પણ આ જ થાય.... પરંતુ જ્ઞાન અને વિવેક નામના તત્ત્વોનાં પ્રભાવે મુનિપુંગવો તો સમતારૂપી સ્ત્રીનો ભરપૂર ભોગવટો કરવા છતાં સદ્‌ગતિ - મુક્તિને જ પ્રાપ્ત કરે છે. જ્ઞાન અને વિવેકની ગેરહાજરી હોય ને 'નારી નરકની દીવડી' ગણાતી સ્ત્રીનો પરિભોગ કરે ને દુર્ગતિમાં ન જાય તો જ આશ્ચર્ય ! ભલે ને એ સ્ત્રી ઈન્દ્રાણી હોય, દેવી હોય, માનવ સ્ત્રી હોય કે તિર્યંચસ્ત્રી (જાનવર) હોય.... બધી જ સ્ત્રીઓ રાગ વગર ભોગવાતી નથી ; એમ શાસ્ત્રકારો જણાવે છે.(અલબત્ત, શ્રીતીર્થંકર ભગવંતોના અંતિમ ભવને બાકાત કરવા પડે.)

રાગ ત્યાં પીડા થાય જ ..... વળી, રાગની પીડા છે ત્યાં રાગમાંથી જન્મ લેનાર દ્વેષનું દુઃખ પણ બારણે ટકોરા મારતું ઊભું જ હોય છે. બંને પીડાનું સાચું ઔષધ 'વિરાગ' છે. વિરાગનો મહિમા અપરંપાર છે. રાગ દ્વેષમાં પીડાનો પાર નથી...સામે પક્ષે વિરાગમાં આત્મમસ્તીની કોઈ સીમા નથી. સંસારી જીવોને મસ્તી શોધી જડતી નથી, જ્યાં મહામુનિઓને કે સર્વવિરતિધરોને મસ્તી શોધવી પડતી નથી.

માટે જ તો સજ્ઝાયમાં નોંધ લેવાઈ 'સમતા સુખના જે ભોગી, અષ્ટાંગ ધરણ જે જોગી, સદાનંદ રહે જે અશોગી, શ્રદ્ધાવંત ને શુદ્ધ ઉપયોગી...' સંસારી જીવને નથી સુખનાં ઠેકાણાં, નથી સમતાનાં ઠેકાણાં ! જ્યારે મુનિવરો તો સુખના જ ભોગી, તે સુખ પણ સમતાનું ! સમત્વમાં જે સુખ છે તે મમત્વભાવમાં નથી જ. મમત્વમાં તો સુખની માત્ર કલ્પના જ હશે. સાચું સુખ તો સમત્વમાં જ છે. મમત્વને મારી નાખ્યા પછી ઉત્પન્ન થયેલું સમત્વ ગજબ કોટિનું હોય છે. મમત્વભાવ-વાળાને માનસિક પીડા ભયંકર હોય છે. સમત્વભાવવાળાને શારીરીક પીડા હોય કે ન હોય.... માનસિક પીડાનું નામ નિશાન નથી હોતું. સમત્વભાવમાં પ્રતિષ્ઠિત થનારના જીવનમાં વ્યાધિ કર્મયોગે હોઈ શકે પરંતુ આધિ કે ઉપાધિ તો ન જ હોય. હા વ્યાધિમાંય સમત્વના યોગે માનસિક વોગેપાત નથી હોતો. એના થકી આર્તધ્યાન નથી હોતું. મુનિવરોની આ જ તો મોટી સિદ્ધિ છે. એને જ અહીં ઋદ્ધિ તરીકે વર્ણવી છે.

ચક્રવર્તી કે ઈન્દ્ર હોય...દુન્યવી કે ભૌતિક સામગ્રીના ઢગલા વચ્ચેય આવી મસ્તી ક્યાં હોય ? ઈન્દ્ર મહારાજને ભલે ઈન્દ્રાણી જેવી શ્રેષ્ઠ સ્ત્રી મળી હોય પરંતુ તેય રિસાઈ જાય ત્યારે મનાવવાની પરાધીનતા તો ઊભી જ રહે છે. ઉપાધિનો તેમના જીવનમાં તોટો નથી. દેવોનાં કે ઈન્દ્રોનાં પરસ્પર યુદ્ધો ત્યાં થાય છે. તેનો માનસિક ત્રાસ ઓછો નથી હોતો. શારીરિક શ્રમ ભલે ત્યાં નથી કરવો પડતો.

પરંતુ માનસિક શ્રમ તો ઘણો જ છે. દેવલોક સુખનું સ્થાન છે, એ માન્યતા ભૂલ ભરેલી છે. કમાવાની ચિંતા ત્યાં ભલે નથી , સાચવવાની - ભોગવવાની ચિંતા તો ત્યાંય છે જ. ત્યાંય ઉઠાંતરી - ચોરી થાય છે. મારા - મારી (યાદવાસ્થળી) તો ત્યાં પણ છે. ઈર્ષ્યાતત્ત્વ હાજરી ત્યાંય જોવા મળે છે. જ્યાં સુધી કર્મની જોહુકમી છે ત્યાં સુધી સંસારના ભાવો દ્રષ્ટિગોચર થવાના, અનુભવવા મળવાના. ગુલામી તો ત્યાંય કરવી પડે છે. સ્વામી - સેવકનો ભાવ કલ્પોપપન્ન (૧૨ મા દેવલોક) સુધી હોય છે. ક્રોદાદિ કષાયોનું, પાંચ ઈન્દ્રિયના વિષયોનું, આહારાદિ ચારે સંજ્ઞાઓનું સામ્રાજ્ય ત્યાંય છવાયેલું છે. રાગ - દ્વેષનું તાંડવ -નૃત્ય ત્યાંય ઓછું નથી.

જન્મની પીડા કદાચ ત્યાં ભેલ નથી ભોગવવી પડતી પરંતુ મૃત્યુની આગાહી છ મહિના પૂર્વે થઈ જતી હોવાથી તેની ભયંકર પીડા દિવ્યલોકમાંય ભોગવવી પડે છે ! દેવતાઈ સુખોની વચ્ચેય ભોજનમાં આવતાં કાંકરા જેવી ઘણી પીડાઓ ત્યાં છે. ત્યાં સમકિત દૃષ્ટિ હોય તોય દુઃખી છે ને મિથ્યાત્વી છે તેય પીડિત છે ! ભલે એ પીડામાં ફરક હોય..ભૌતિક વેદનાની જેમ જીવોને પીડા આપતી માનસિક વેદના પણ હોય છે. મનની પીડામાં સુખ ક્યાંથી હોય ? માટે જ અહીં મુનિના સુખની - ઋદ્ધિના વર્ણનમાં સમત્વને જ સુખ ગણ્યું છે. મમત્વના અભાવમાં જ સમત્વની મજા માણી શકાય. મમત્વ જ દુઃખનું કારણ છે. બાહ્ય ગમે તેવા વાતાવરણમાંય જો મનમાં સમત્વ હોય તો, તે દુનિયાના શહેનશાહ કરતાં વધારે સુખી છે, વધુ ઋદ્ધિવાળો છે.

મુનિની મનોગુપ્તિનું વર્ણન કરતાં (એની ભાવનામાં) યોગશાસ્ત્ર ગ્રંથમાં કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ નોંધ લેતાં લખે છે : સમત્વે સુપ્રતિષ્ઠિતમ્ અર્થાત્ સમભાવમાં જે સારી રીતે પ્રતિષ્ઠિત થયા છે. માત્ર સમતા ભાવમાં રહેલા એવું ન જણાવતાં પ્રતિષ્ઠિત શબ્દ વપરાયો છે. શબ્દમાંય કેટલું વજન છે. આનો અર્થ એ થયો કે - જગતમાં કે આજુ - બાજુ ગમે તેવા વિપ્લવો સર્જાયા, આગળ વધીને પોતાના જીવનમાં ગમે તેવી આસમાની - સુલતાની ઊભી થાય, અનુકૂળતા - પ્રતિકૂળતાનું નિર્માણ થાય, માન - અપમાન આપનારા મળે, પરિસહ ઉપસર્ગોની ઝડીઓ વરશે તોય તેમનું સમત્વ નંદવાતું નથી ! એવી જડબે-સલાક સમતાભાવની પ્રતિષ્ઠા તેમનામાં થઈ ગઈ હોય છે. એ સમતાને કોઈ હચમચાવી ન શકે. સામાયિકનો સાર પણ આ જ છે ને ? આવી સમતા આવ્યા વગર મોક્ષ ક્યાંથી મળે ? સામાયિકનો ભાવ સ્પર્શ્યા વિના કોઈ મોક્ષે જઈ શક્યુ નથી, જતું નથી કે જશે પણ નહિ ; એમ શાસ્ત્રકારો ફરમાવે છે. સમતા અને સાધુતા અભેદ સંબંધ ધરાવે છે; એમ કહી શકાય.



બળિયાની સાથે બાથ ન ભીડી શકાય, એવી સ્થિતિ ઊભી થાય ત્યારે કોઈ નબળો માણસ (ગૃહસ્થ) સમતા રાખે એવી સમતાની અહીં વાત નથી. પ્રતિકાર માટે સક્ષમતા હોવા છતાં આત્માના ભાવમાં (સ્વભાવમાં) રહેવાની ભાવનાથી સમતા રાખવાની અહીં વાત છે. ડાબા પગના અંગૂઠાથી મેરુને ધ્રુજાવવાની ચરમ કક્ષાની શક્તિ હોવા છતાં ઉપસર્ગ કરનાર ગોશાળા - કટપૂતના વ્યંતરી - શૂલપાણિયક્ષ વગેરે ઉપર એ પ્રયોગો કરીને પ્રભુ મહાવીદેવે સામી વ્યક્તિ પર જીત નથી મેળવી. સમતાના પ્રયોગ દ્વારા જીત મેળવી છે ! સામનો કરવા કરતાં સમતાનું બળ અનેક ચઢિયાતું છે. માટે જ એને મુનિવરની ઋદ્ધિ તરીકે વર્ણવી છે. સમતાથી જે કમાણી થાય છે તે કમાણી કષાયોથી થતી નથી. કષાયોથી સમતા ખંડિત થાય છે.

લોગસ્સ વગેરે સૂત્રોમાં આવતો 'જિણે' (જિન) શબ્દ આ સમતાને જ સૂચિત કરે છે. રાગ - દ્વેષ : બંનેનો અભાવ તે છે સમતા, સમભાવ. કોઈ ઉપસર્ગ કરે કે કોઈ ભક્તિ કરે : બંને ઉપર સમાનભાવ જાળવવો અનું નામ સમતા. કોઈ નિંદા કરે કે કોઈ સ્તુતિ કરે બંને પર તુલ્ય મનોભાવ તેનું નામ સમતા. રાગ - દ્વેષ એ કષાયરૂપ હોવાથી વિભાવ દશા છે. સમતા સમત્વ એ જીવોનો સ્વભાવ છે. સમવભાવ જ સાચી મૂડી છે, સાચી ઋદ્ધિ છે. આવા ઋદ્ધિવાળા મુનિવરોને શત શત સલામ, કોટી કોટી નમન.

(ક્રમશઃ) ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

**મસૂર : તીર્થ શતાબ્દીનો શાહી મહોત્સવ-૨ :**

પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં ઉજવાયેલ શતાબ્દીનો શાહી મહોત્સવનો આંખે દેખ્યો હેવાલ ; અનુમોદનાનો અમૃતથાળ જેવો હાવાથી વાચકો માટે પ્રસ્તુત છે.

**દ્વિતીય દિવસ :** પ્ર.જે.વ.૧૦ તા. ૯-૬-૨૦૧૮ શનિવાર સવારે ૫.૩૦ કલાકે બહેનોનાં મંગલ પ્રભાતિયાંનો કાર્યક્રમ થયો. પ્રભાવના અપાઈ. ત્યારબાદ ૯.૧૫ કલાકે 'શક્ર સ્તવ અભિષેકનો મહિમા વિષય પર પૂજ્યશ્રીનું પ્રવચન થયું. બપોરે ૧૨.૪૦ શક્રસ્તવના માધ્યમથી કસ્તૂરી - ગોરોચન - કેસર - યક્ષકર્દમ આદિ ઉત્તમ દ્રવ્યોથી અભિષેક થયા. વિશિષ્ટ સંવેદના પૂર્વક ચાલેલા આ અભિષેક લગભગ સાડાચાર કલાક ચાલ્યા. પૂ.આચાર્યભગવંતે તથા મુંબઈથી પધારેલ અમરીશભાઈએ

સંવેદના કરાવેલ. અંતે પુષ્પવૃષ્ટિ દ્વારા પરમાત્માની ભક્તિ કરવામાં આવી. ત્રણે ટાઈમ નવકારશી તેમજ છાશ - શરબતની ભક્તિ તો હતી જ. રાત્રે વિનીતભાઈ ગેમાવતના સૂરીલા સ્વર અને સંવેદનના માધ્યમથી જિનભક્તિ-ભાવના થઈ. રોજ આરતી - મંગળ દીવાના ચઢાવા થતા.

**તૃતિય દિવસ :** પ્ર.જે.વ.૧૧ તા. ૧૦-૬-૨૦૧૮ રવિવાર સવારે ૫.૩૦ કલાકે બહેનોના મંગલ પ્રભાતિયાંનો કાર્યક્રમ થયો. પ્રભાવના અપાઈ. સવારે નવકારશી બાદ ૯.૧૫ કલાકે 'અહિર્દ્ અભિષેક મહાપૂજન' નાં રહસ્યો પર પૂજ્યશ્રીનું પ્રવચન થયું. બપોરે ૧૨.૪૦ કલાકે રાયચંદ ભોજરાજ ભાટે તરફથી તેમના જ મંગલ કાર્યાલયમાં મસૂરમાં પ્રથમ વાર'અર્હદ્ અભિષેક મહાપૂજન' ભણાવાયું. દરેક અભિષેકની સમજ આપવા પૂર્વક સંવેદના સાથે તે તે અભિષેકનાં ગીતો ગાવા પૂર્વક, શુદ્ધ વિધિ-વિધાન સાથે ઠાઠથી પૂજન ભણાવાયું. માહોલ - રંગ ખૂબ જામ્યો હતો, રાત્રે વિનીતભાઈ ગેમાવતે ભક્તિ ભાવના કરાવી, સંગીતકાર અને સંઘનો એવો સુમેળ હતો કે ભાવનામાં ભાવિકો મોટી સંખ્યામાં આવતા અને ઝૂમતા.

**ચતુર્થ દિવસ :** પ્ર.જે.વ.૧૨ તા. ૧૧-૬-૨૦૧૮ સોમવાર સવારે ૫.૩૦ કલાકે બહેનોનાં મંગલ પ્રભાતિયાં થયા બાદ ૯.૨૦ કલાકે 'ૠષિમંડલસ્તોત્ર અને પૂજન' વિષય પર પ્રવચન થયું. બપોરે ૧૨.૪૦ કલાકે શ્રીૠષિમંડલ પૂજન ભણાવાયું. વિધિકારક તરીકે માલેગાંવવાળા મનસુખભાઈ પધાર્યા હતા. સાથે તેમના સુપુત્ર શ્રીપાળભાઈ પણ હતા. રાત્રે ભક્તિભાવના સંગીતકાર વિનીતભાઈ ગેમાવતના સૂર - સંગીત સાથે ભણાવાઈ હતી.

**પૂના - ટીંબરમાર્કેટમાં શાસન પ્રભાવના :**

પૂના - ટીંબર માર્કેટ સંઘમાં પૂ. આચાર્યભગવંત શ્રીમદ્‌વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સામુહિક સિધ્ધિતપ તથા અદુઃખદર્શી તપ ચાલું છે. સિદ્ધિતપ (૧૫) ભા.સુ.૬ના પૂર્ણ થશે. અદુઃખદર્શી તપ (૭૦) શ્રા.વ. ના પૂર્ણ થઈ ગયાં છે.

બંને તપના, બંને ટાઈમનાં બિયાસણાં સંઘમાં જ કરાવાતાં હતાં. લાભાર્થીઓને એ લાભ અપાયો હતો. એ બંને તપનાં ઉદ્યાપન વિશિષ્ટરીતે થશે.

શ્રી ભગવતીસૂત્ર પરનાં પ્રવચનો તથા સુષઢ ચરિત્રનાં પ્રવચનોએ એક વિશિષ્ટ આકર્ષણ જમાવ્યું છે. પૂજ્યશ્રીના બુલંદ અવાજ સાથે લાક્ષણિક શૈલીથી થતાં આ પ્રવચનોને કારણે રેકોર્ડ સંખ્યા આવી રહી છે. ભગવતી સૂત્રમાંથી શ્રોતાઓને રસ પડે, સ્પર્શે એવી વાતોના આધારે વિષયો પસંદ કરીને એના પર વ્યાખ્યાનો થઈ રહ્યાં છે. ઉપરાંત પ્રવચન પછી તરત જ પ્રશ્નવ્યાકરણ ગ્રંથની



વાચના ચાલું છે.

કેરળમાં આવેલા પૂરના કારણે થયેલ આપદ્‌ગસ્ત જીવોની સહાયાર્થે લગભગ રૂ. પાંચેક લખનું ફંડ થયું ! યોગ્ય ચીજ - વસ્તુ તેમને પહોંચાડાશે.

દર રવિવારે વિવિધ આરાધનાઓ થઈ. એમાં અષ્ટાપદની ભાવયાત્રા, સમૂહમાં એક લાખ નવકારની વિશિષ્ટ આરાધના, ગીરનારતીર્થની ભાવયાત્રા, તપ - જપ સાથે, સંગતીકાર સાથે થઈ. સંવેદનાઓથી સભર એ આરાધનાઓ યાદગાર બની. લાભાર્થીઓએ બોલી બોલીને એના લાભ લીધા હતા.

દર રવિવારે બપોરે હિંદીમાં પ્રવચનો થતાં યુવાનો વગેરે સારી સંખ્યામાં આવતા ગુજરાતી ન સમજી શકનાર જીવો માટે ખાસ આ આયોજન કરવામાં આવેલ.

રામલાલજી વીરચંદ સંઘવીના ઘરમાં ; સુપુત્ર જીતુભાઈ, પુત્રવધૂ સૌ.પ્રવીણાબેન અજિતભાઈ, સૌ. કમળાબેન જીતુભાઈએ સિદ્ધિતપ કરેલ. તેમના આલંબનને પામી વર્ધમાન તપની ઓળી ઉપર અજિતભાઈએ અઠ્ઠાઈ કરેલ. તેમના પારણાં શ્રા.વ.૯ મંગળવારે હતાં. તે નિમિત્તે શ્રા.વ.૭ રવિવાર તા. ૨-૯-૨૦૧૮ ના રોજ 'તપપદવંદના' નો પ્રોગ્રામ આયોજિત કરેલ. તે માટે મુંબઈથી સંવેદના માટે અભયભાઈ ચોકસી તથા લોકલ સંગીતકારો પધારેલ. પૂજ્યશ્રીએ બારે પ્રકારના તપની સંક્ષેપમાં પણ ઉંડાણથી સંવેદના કરાવેલ. આ પ્રસંગે પૂ.પં. શ્રીધર્મદર્શનવિ.મ.પણ પધારેલ તેઓએ પણ બાહ્ય બે તપની વાત કરેલ. અંતે લગભગ ૧૨૦૦ ભાવિકોની સાધર્મિક ભક્તિ કરેલ. આ પરિવાર રોજ સાંજે પ્રતિક્રમણ કરનાર શ્રાવકોને રૂ. ૧૦ ની પ્રભાવના કરે છે ! એમની ઉદારતા પ્રશંશનીય છે. પરિવારમાં તપ - સ્વાધ્યાય ક્રિયાદિ પણ સુંદર કરે છે.

પર્વાધિરાજની આરાધના શિરમોર થઈ. પર્યુષણ પૂર્વે જ એવો માહોલ ઊભો થઈ ગયો હતો કે જેમ જેમ દિવસો આગળ વધતા ગયા તેમ તેમ શ્રોતાઓ વધુ ને વધુ રસવાળા બનતા ગયા. પર્યુષણમાં વિશાળ હૉલ ચિક્કાર ભરાઈ જતો. ચારે બાજું ચોમાસાં હોવાં છતાં તમામ સંઘો - ઉપાશ્રયોમાં આ વર્ષે ચોમાસું હોવા છતાં શ્રોતાઓની સંખ્યા દરવર્ષ કરતાં વધારે થતી હતી. દૂર દૂરથી સાંભળવા માટે ભાવિકો આવતા હતા. દરેક વિષયોની વિસ્તૃત અને ઊંડાણપૂર્વકની જાણકારી પ્રાપ્ત થતી હતી. પ્રશ્નોના સમાધાન પણ શાસ્ત્ર અને તર્ક શુદ્ધ મળતાં હોવાથી તરત સ્વીકૃત બનતાં.

પર્વના કર્તવ્યની વાતો પણ પ્રાચીન - અર્વાચીન દ્રષ્ટાંતો સાથે હોવાથી સર્વગાહ્ય બનતી હતી. તે જ રીતે વાર્ષિક કર્તવ્યો, પૌષધની વાતો પણ આબાલ-

સંવેદના કરાવેલ. અંતે પુષ્પવૃષ્ટિ દ્વારા પરમાત્માની ભક્તિ કરવામાં આવી. ત્રણે ટાઈમ નવકારશી તેમજ છાશ - શરબતની ભક્તિ તો હતી જ. રાત્રે વિનીતભાઈ ગેમાવતના સૂરીલા સ્વર અને સંવેદનના માધ્યમથી જિનભક્તિ-ભાવના થઈ. રોજ આરતી - મંગળ દીવાના ચઢાવા થતા.

**તૃતિય દિવસ :** પ્ર.જે.વ.૧૧ તા. ૧૦-૬-૨૦૧૮ રવિવાર સવારે ૫.૩૦ કલાકે બહેનોના મંગલ પ્રભાતિયાંનો કાર્યક્રમ થયો. પ્રભાવના અપાઈ. સવારે નવકારશી બાદ ૯.૧૫ કલાકે 'અર્હિદ્ અભિષેક મહાપૂજન' નાં રહસ્યો પર પૂજ્યશ્રીનું પ્રવચન થયું. બપોરે ૧૨.૪૦ કલાકે રાયચંદ ભોજરાજ ભાટે તરફથી તેમના જ મંગલ કાર્યાલયમાં મસૂરમાં પ્રથમ વાર'અર્હદ્ અભિષેક મહાપૂજન' ભણાવાયું. દરેક અભિષેકની સમજ આપવા પૂર્વક સંવેદના સાથે તે તે અભિષેકનાં ગીતો ગાવા પૂર્વક, શુદ્ધ વિધિ-વિધાન સાથે ઠાઠથી પૂજન ભણાવાયું. માહોલ - રંગ ખૂબ જામ્યો હતો, રાત્રે વિનીતભાઈ ગેમાવતે ભક્તિ ભાવના કરાવી, સંગીતકાર અને સંઘનો એવો સુમેળ હતો કે ભાવનામાં ભાવિકો મોટી સંખ્યામાં આવતા અને ઝૂમતા.

**ચતુર્થ દિવસ :** પ્ર.જે.વ.૧૨ તા. ૧૧-૬-૨૦૧૮ સોમવાર સવારે ૫.૩૦ કલાકે બહેનોનાં મંગલ પ્રભાતિયાં થયા બાદ ૯.૨૦ કલાકે 'ઋષિમંડલસ્તોત્ર અને પૂજન' વિષય પર પ્રવચન થયું. બપોરે ૧૨.૪૦ કલાકે શ્રીઋષિમંડલ પૂજન ભણાવાયું. વિધિકારક તરીકે માલેગાંવવાળા મનસુખભાઈ પધાર્યા હતા. સાથે તેમના સુપુત્ર શ્રીપાળભાઈ પણ હતા. રાત્રે ભક્તિભાવના સંગીતકાર વિનીતભાઈ ગેમાવતના સૂર - સંગીત સાથે ભણાવાઈ હતી.

**પૂના - ટીંબરમાર્કેટમાં શાસન પ્રભાવના :**

પૂના - ટીંબર માર્કેટ સંઘમાં પૂ. આચાર્યભગવંત શ્રીમદ્વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સામુહિક સિધ્ધિતપ તથા અદુઃખદર્શી તપ ચાલું છે. સિદ્ધિતપ (૧૫) ભા.સુ.૬ના પૂર્ણ થશે. અદુઃખદર્શી તપ (૭૦) શ્રા.વ. ના પૂર્ણ થઈ ગયાં છે.

બંને તપના, બંને ટાઈમનાં બિયાસણાં સંઘમાં જ કરાવાતાં હતાં. લાભાર્થીઓને એ લાભ અપાયો હતો. એ બંને તપનાં ઉદ્યાપન વિશિષ્ટરીતે થશે.

શ્રી ભગવતીસૂત્ર પરનાં પ્રવચનો તથા સુષઢ ચરિત્રનાં પ્રવચનોએ એક વિશિષ્ટ આકર્ષણ જમાવ્યું છે. પૂજ્યશ્રીના બુલંદ અવાજ સાથે લાક્ષણિક શૈલીથી થતાં આ પ્રવચનોને કારણે રેકોર્ડ સંખ્યા આવી રહી છે. ભગવતી સૂત્રમાંથી શ્રોતાઓને રસ પડે, સ્પર્શે એવી વાતોના આધારે વિષયો પસંદ કરીને એના પર વ્યાખ્યાનો થઈ રહ્યાં છે. ઉપરાંત પ્રવચન પછી તરત જ પ્રશ્નવ્યાકરણ ગ્રંથની



વાચના ચાલું છે.

કેરળમાં આવેલા પૂરના કારણે થયેલ આપદ્ગસ્ત જીવોની સહાયાર્થે લગભગ રૂ. પાંચેક લખનું ફંડ થયું ! યોગ્ય ચીજ - વસ્તુ તેમને પહોંચાડાશે.

દર રવિવારે વિવિધ આરાધનાઓ થઈ. એમાં અષ્ટાપદની ભાવયાત્રા, સમૂહમાં એક લાખ નવકારની વિશિષ્ટ આરાધના, ગીરનારતીર્થની ભાવયાત્રા, તપ - જપ સાથે, સંગતીકાર  સાથે થઈ. સંવેદનાઓથી સભર એ આરાધનાઓ યાદગાર બની. લાભાર્થીઓએ બોલી બોલીને એના લાભ લીધા હતા.

દર રવિવારે બપોરે હિંદીમાં પ્રવચનો થતાં યુવાનો વગેરે સારી સંખ્યામાં આવતા ગુજરાતી ન સમજી શકનાર જીવો માટે ખાસ આ આયોજન કરવામાં આવેલ.

રામલાલજી વીરચંદ સંઘવીના ઘરમાં ; સુપુત્ર જીતુભાઈ, પુત્રવધૂ સૌ.પ્રવીણાબેન અજિતભાઈ, સૌ. કમળાબેન જીતુભાઈએ સિદ્ધિતપ કરેલ. તેમના આલંબનને પામી વર્ધમાન તપની ઓળી ઉપર અજિતભાઈએ અટ્ઠાઈ કરેલ. તેમના પારણાં શ્રા.વ.૯ મંગળવારે હતાં. તે નિમિત્તે શ્રા.વ.૭ રવિવાર તા. ૨-૯-૨૦૧૮ ના રોજ 'તપપદવંદના' નો પ્રોગ્રામ આયોજિત કરેલ. તે માટે મુંબઈથી સંવેદના માટે અભયભાઈ ચોકસી તથા લોકલ સંગીતકારો પધારેલ. પૂજ્યશ્રીએ બારે પ્રકારના તપની સંક્ષેપમાં પણ ઉંડાણથી સંવેદના કરાવેલ. આ પ્રસંગે પૂ.પં. શ્રીધર્મદર્શનવિ.મ.પણ પધારેલ તેઓએ પણ બાહ્ય બે તપની વાત કરેલ. અંતે લગભગ ૧૨૦૦ ભાવિકોની સાધર્મિક ભક્તિ કરેલ. આ પરિવાર રોજ સાંજે પ્રતિક્રમણ કરનાર શ્રાવકોને રૂ. ૧૦ ની પ્રભાવના કરે છે ! એમની ઉદારતા પ્રશંશનીય છે. પરિવારમાં તપ - સ્વાધ્યાય ક્રિયાદિ પણ સુંદર કરે છે.

પર્વાધિરાજની આરાધના શિરમોર થઈ. પર્યુષણ પૂર્વે જ એવો માહોલ ઊભો થઈ ગયો હતો કે જેમ જેમ દિવસો આગળ વધતા ગયા તેમ તેમ શ્રોતાઓ વધુ ને વધુ રસવાળા બનતા ગયા. પર્યુષણમાં વિશાળ હૉલ ચિક્કાર ભરાઈ જતો. ચારે બાજું ચોમાસાં હોવાં છતાં તમામ સંઘો - ઉપાશ્રયોમાં આ વર્ષે ચોમાસું હોવા છતાં શ્રોતાઓની સંખ્યા દરવર્ષ કરતાં વધારે થતી હતી. દૂર દૂરથી સાંભળવા માટે ભાવિકો આવતા હતા. દરેક વિષયોની વિસ્તૃત અને ઊંડાણપૂર્વકની જાણકારી પ્રાપ્ત થતી હતી. પ્રશ્નોના સમાધાન પણ શાસ્ત્ર અને તર્ક શુદ્ધ મળતાં હોવાથી તરત સ્વીકૃત બનતાં.

પર્વના કર્તવ્યની વાતો પણ પ્રાચીન - અર્વાચીન દ્રષ્ટાંતો સાથે હોવાથી સર્વગાહ્ય બનતી હતી. તે જ રીતે વાર્ષિક કર્તવ્યો, પૌષધની વાતો પણ આબાલ-

વૃદ્ધ ભોગ્ય ભાષા - શૈલીમાં પીરસાતી હોવાથી દરેકને ગળે સરળતાથી ઊતરી જતી. કલ્પસૂત્રનાં વ્યાખ્યાનોમાં મૂળ વાતોની પુષ્ટિ માટે ઘણી ઘણી આગમાદિશાસ્ત્રની તથા નીતીની વાતો વણી લેવાતી હતી. તેથી વિશેષ રસ જળવાતો. કોઈને ઝોકાંય ન આવતાં.

પર્વાધિરાજના પ્રથમ ત્રણ દિવસનાં એક - એક તથા ચાર દિવસના બે - બે પ્રવચનો વગેરેમાં અહીં આ વખતે પ્રભાવનાની વાત કરતાં લગભગ અઢીલાખની ટીપ થઈ. તેમાંથી શરૂઆતમાં પાંચ દિવસ રૂ. ૨૦ - ૨૦ ની તથા છઠ્ઠા - સાતમા દિવસે ૫૦ - ૫૦ રૂ.ની અને બારસા સૂત્ર સમયે રૂ. ૧૦૦ ની પ્રભાવના અપાઈ !

જન્મવાંચનના દિવસે પણ વાર્ષિક સાધારણના ચઢાવા, સ્વપ્નદ્રવ્ય વગેરેની આવક સુંદર થઈ. તે જ રીતે શ્રી કલ્પસૂત્ર તથા બારસાસૂત્ર વહોરાવવા વગેરેના ચઢાવા પણ ખૂબ સારા થયા.

પારણાંના દિવસે પૂજ્યશ્રી સિદ્ધિતપ વગેરે નિમિત્તે વાજતે - ગાજતે કેટલાય ઘરે પધાર્યા હતાં. ત્યાં પગલે - પગલે ૧૦ - ૨૦ રૂ. તથા ચાંદીની મુદ્રાઓથી ગુરુપૂજન થયેલ. ઉપરના તમામ તપસ્વીઓનાં સમૂહ પારણાં થયેલ તેનો લાભ એક જ વ્યક્તિએ લીધેલ...... તે જ રીતે સિદ્ધિતપના બિયાસણાં ભા.સુ.૬ ના દિવસે ચઢાવા પૂર્વક (બંને ટાઈમ) ભાવિકોએ લઈ બિયાસણાં કરાવેલ. તે ઉપરાંત ભા.સુ.૭ ના રોજ પારણાંનો લાભ ચઢાવા પૂર્વક એક ભાવિકે લીધો હતો.

તપશ્ચર્યામાં એક ચોવિહાર ૩૧ ઉપવાસ !, ૧૫-૧૧-૧૦-૮ વગેરે તપશ્ચર્યા લગભગ ૪૫, અઠ્ઠમ તથા ઉપરના લગભગ ૧૩૫, ચોસઠ પ્રહરી પૌષધવાળા ૧૨ પુરુષો, સંવત્સરીના દિવસે લગભગ ૫૦-૬૦ પૌષધ થયેલ.

સિદ્ધિતપવાળાને લગભગ રૂ. ૨૦૦૦, અદુઃખદર્શી તપવાળાને રૂ. ૫૦૦, તે જ રીતે ૧૫-૧૧-૮-૩ ઉપવાસ વગેરે તપવાળાને યથાયોગ્ય અને ચોસઠ પ્રહરી પૌષધવાળાને રૂ. ૫૦૦૦ થી અધિક તથા કરાસણું, ધૂપ, કોપરની પાણીની બોટલ, વગેરે પ્રભાવના અપાઈ હતી. ચોસઠ પ્રહરી પૌષધમાં ૬ ભાઈઓ અઠ્ઠાઈ વાળા હતા !

સંવત્સરી પ્રતિક્રમણમાં લગભગ ૭૦૦ પુરુષો હતાં. બે - બેશ્રીફળની પ્રભાવના અપાઈ. પૂજ્યશ્રીએ સમજાવીને પ્રતિક્રમણ કરાવેલ. તેથી સૌને ખૂબ આનંદ થયેલ, ભાવવૃદ્ધિનું કારણ બન્યું. રોજ પ્રતિક્રમણ કરનારા ભાવિકો પણ કહેવા લાગ્યા કે આટલું તો અમે પણ જાણતા નથી.

મુહપત્તિનું પડિલહેણ, વાદણાં, વિવિધ મુદ્રાઓ કાઉસ્સગ્ગ વગેરેની સમજણ આપવા ઉપરાંત દરેક વિધિ-સૂત્રોના હેતઓ સમજાવ્યા હતાં. લગભગ ૮૦ ટકા



ભાવિકોએ ઊભા - ઊભા પ્રતિક્રમણ કર્યું હતું.

ભા.સુ.૭ રવિવારે મનમોહન પાર્શ્વનાથ, ભવાની પેઠ ટીંબર માર્કેટ તથા એકબાટે કોલોની (પંચદશા જૈન સંઘ) નો ભેગો વરઘોડો નીકળ્યો હતો. જેમાં મુખ્યતયા સિદ્ધિતપવાળા હતાં. લગભગ ૩૨ બગીઓ વગેરે ઘણી સામગ્રી હતી. વરઘોડામાં ભાવિકોની સંખ્યા નોંધપાત્ર હતી. બંને સંઘોમાં સાધર્મિક વાત્સલ્ય થયેલ. વરઘોડો એકબોટે કોલોનીથી ચઢ્યો હતો. મનમોહન પાર્શ્વનાથ ટીંબર માર્કેટ થઈ, જૂના મનમોહન પાર્શ્વનાથ ભવાની પેઠે પૂરો થયો. ... એક બોટે કોલોનીમાં પૂ.પં.શ્રીધર્મદર્શન વિ.મ.નું ચોમાસું છે. તેમની નિશ્રામાં પણ સારી આરાધના - ઉપજ - તપ થયેલ છે.

(ક્રમશઃ) ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

**- પૂ. આ. ભ. શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**વિનય ગુણનો ઘાત થાય છે માનથી.....**

**स्याल्लब्धवर्णोऽपि हि मूर्खमुख्यो, ये ज्ञानगर्वं वितनोति खर्वम्।**

**ज्ञानस्मयात् श्रीधरमत्र वाणी, निरुत्तरं प्रश्नपदेन चक्रे ।।**

**ભાવાર્થ :** જ્ઞાન અને પ્રસિદ્ધિને પામવા છતાં જે જ્ઞાનનું અભિમાન કરે છે તે મૂર્ખાઓમાં સરદાર તુલ્ય છે. કારણ કે, જ્ઞાનના ગર્વથી યુક્ત શ્રીધરન્ સરસ્વતી દેવીએ એક જ પ્રશ્નપદથી નિરુત્તર કરી દીધો !

વિદ્વાન શ્રીધર આચાર્યે ગણિતનો મહાન - શ્રેષ્ઠ ગ્રંથ બનાવ્યો. ગ્રથને અંતે પ્રશસ્તિમાં પોતાના જ્ઞાનના ગર્વને સૂચવનારો એક શ્લોક બનાવીને મૂક્યો.

**उत्तरतः सुरनिलयं, दक्षिणतो मलयपर्वतं यावत् ।**

**प्रागपरोदधिमध्ये, को गणकः श्रीधरादन्यः ? ।।**

**ભાવાર્થ :** પૂર્વ - પશ્ચિમમાં લવણસમુદ્રની વચ્ચે, ઉત્તરમાં મેરુ પર્વત સુધી, દક્ષિણમાં મલયાચલ પર્વત સુધીમાં શ્રીધર આચાર્ય જેવો ગણિતજ્ઞ કોણ છે ? મતલબ, ગણિતના વિષયમાં મારાથી ચઢિયાતો વિદ્યમાન આજે કોઈ નથી !

પોતાની જાતેને સરસ્વતી પુત્ર ગણાવતો - કહેડાવતો તે અભિમાનથી છલકાઈ રહ્યો છે ; એમ જાણી સરસ્વતી દેવી વિચાર કરે છે, અહો ! આ પંડિત હોવા છતાં મૂર્ખ દેખાય છે ! જ્ઞાની માટે અભિમાન કરવું યોગ્ય નથી. એ મૂર્ખતાનું લક્ષણ છે. જ્ઞાન વધે તેમ નમ્રતા વધવી જોઈએ, અક્કડતા કે અભિમાન નહીં. અભિમાનથી વિનય ગુણનો નાશ થાય છે. વિનય તો પાયાનો ગુણ છે. પાયા વગર ઈમારત કઈ રીતે ઊભી થઈ શકે ? પાયામાં ખામી હોય તો આખી ઈમારત

માટે જોખમ ગણાય. ભૂમિમાં રહેલું શલ્ય જેમ ત્યાં મકાન બનાવીને રહેનારને નુકશાન કરે છે....અરે ! મૃત્યુ સુધીની પીડા પ્રદાન કરે છે !

શ્રીધર આચાર્યના અભિમાનનો પારો નીચે ઉતારવા માટેની યોજના સરસ્વતી દેવીએ ઘડી. એક વૃદ્ધ ડોશીનું રૂપ ધારણ કરી, આચાર્ય પાસે આવીને શ્રીધર આચાર્યને કહેવા લાગી : હે શ્રીધર ! હું કાંઈ જાણતી નથી, તું તો વિશિષ્ટ વિદ્વાન છે, જ્ઞાની છે, બંધુ જ જાણે છે..... માટે તને એક પ્રશ્ન પૂછું છું : એકેન દ્વિકેન ચ કિં ભવતિ ? (એકથી અને બેથી શું થાય ?)

આચાર્ય શ્રીધરને લાગ્યુ કે આ તો સાવ જ સામાન્ય પ્રશ્ન છે, સહેલો સવાલ છે, આમાં શું મગજ દોડાવાનું ? તરત જ ઉત્તર આપ્યો ત્રણ થાય. (૧ + ૨ = ૩) તરત જ તે વૃદ્ધા બોલી ત્રણ ન થાય..... બરાબર જવાબ આપ. એટલે શ્રીધરે બીજો જવાબ આપતાં કહ્યુ ૧૨ થાય (૧ અને ૨ બાજુમાં ગોઠવાય તો ૧૨ થાય)

એમ પણ ન થાય..... એવો જવાબ અભણ દેખાતી વૃદ્ધાએ આપ્યો.

અરે ! તું તો ગાંડી લાગે છે.... આટલું પણ જાણતી નથી ? મારી સાથે વાત કઈ રીતે કરે છે ? મારું કહેલું ક્યારેય ખોટું ન પડે ! મારો જવાબ સાચો જ હોય ! ગણિતના વિષયમાં મારાથી આગળ કોઈ નથી ! એવી વાત ગર્વ સાથે શ્રીધરે કરી.

સાચો જવાબ ૨૧ (એકવીસ) થાય; એમ માજીએ કહ્યું ! કારણ કે સંસ્કૃતના નિયમ પ્રમાણે પાયાનો સિદ્ધાંત એવો છે કે - 'અંકાનાં વામતો ગતિ:' અર્થાત્ આંકડા લખવાના આવે તો આંકડા ડાબેથી ગણાય, મતલબ ઊંધેથી ગણાય. અથત્ત્ પાછળનો આંકડો પહેલાં લખાય એટલે ૨૧ થાય.

શરમથી લજ્જા પામેલા શ્રીધર આચાર્યે હકારાત્મક ડોકું ધુણાવ્યું. પૂછ્યું: હે માત ! તું કોણ છે ? કારણ, આ ડોશી સામાન્ય કે અભણ લાગતી નથી.

' હું કાશ્મીરમાં વસનારી વૃદ્ધ ડોશી છું. તારો ગર્વ ઉતારવા અહીં આવી છું' એમ ડોશીએ સ્પષ્ટતા કરી.

મેં વળી ક્યાં ગર્વ કર્યો છે ? આમાં ક્યાં અભિમાન દેખાયું ? એમ શ્રીધરે ડોશીમાને પૂછ્યું.

જવાબ વાળતાં ડોશીમાએ ગણિતના ગ્રંથના પ્રશસ્તિમાંનો શ્લોક યાદ કરાવ્યો. ઉત્તરત : સુરનિલયં ....!

આ સાંભળી આશ્ચર્ય પામેલા શ્રીધરે વધુ પરિચય માંગતાં ફરી પૂછ્યું. સાચે જ કહો .....તમે ખરેખર કોણ છો ? તમારું સાચું સ્વરૂપ બતાવો. કારણ, આવો વાર્તાલાપ એક સામાન્ય માનવવૃદ્ધા ન કરી શકે ! શા માટે મને છેતરો છો ? (હકીકતમાં શ્રીધર જ દુનિયાને અથવા પોતાની જાતને છેતરી રહ્યો હતો.)

તરત જ એ વૃદ્ધ ડોશીએ ડોશીનું રૂપ છોડી સરસ્વતી દેવીનું મૂળ રૂપ પ્રગટ કર્યું.!

વાસ્તવિકતા જાણતાં જ શ્રીધર ઊભા થઈ ગયાં. .... માફી માંગી. હે માત



વાગીશ્વરી ! હું તો બાળક છું.... મેં ખોટું અભિમાન કર્યું : માફ કરજો.

હે શ્રીધર ! માનવોએ ક્યારેય જ્ઞાનાદિનો ગર્વ ન કરવો..... અભિમાની હમેંશા દુઃખી થાય છે. એમ મા શારદાએ ટકોર્યા. તે દિવસથી શ્રીધરે માન કષાયનો અને જ્ઞાન(શ્રુત)નો મદ છોડી દીધો..... આ રીતે માન કે મદનો સૌએ ત્યાગ કરવો જોઈએ.

## ★ આજનો યુગ અને આહાર ★★★

આજનો યુગ અને આહાર :

આજ-કાલ રસનેન્દ્રિય (જીભ) ની વધતી ગુલામી, લક્ષ્યા લક્ષ્યનો ઘટતો જતો વિવેક, ભોજનની વિધિ પ્રત્યેની ઉપેક્ષા, ભોજનના નિયમો પ્રત્યે થતા આંખ આડા કાન વગેરેના કારણે ધર્મ અને સ્વાસ્થ્ય : બંનેની હાનિ દેખાય છે. સૌથી તેજ ગતિથી, સૌથી મોટા પ્રમાણમાં ચાલતો ખાણી-પીણીનો ધંધો અત્યારે માઝા (મર્યાદા) મૂકી રહ્યો છે ! મોટા પ્રમાણમાં તમામ ચીજો તૈયાર થતી હોવાથી જયણાનું નામ નિશાન હોતું નથી. પુણ્ય-પાપનું ગણિત તો નથી રહ્યું પરંતુ સ્વાશ્થ્ય પ્રત્યે પણ ભયંકર દુર્લક્ષ દેખવા મળે છે કેટલાક ઠેકાણે બહાર ખાવા-પીવાની ફેશન જોવા મળે છે. તો કોઈક ઠેકાણે કામ કરવાની આળસ જવાબદાર છે.

જ્યાં શાસ્ત્રકારો જણાવે છે કે અજાણી વ્યક્તિના હાથે બનાવેલી રસોઇ ન ખાવી, અજાણ્યા માણસોના - કે તેવા પ્રકારના જાતિ - કુળ - વાળાના દેખતાં ભોજન ન કરવું. તિર્યઓની દૃષ્ટિ પડતી હોય ત્યાં પણ ભોજન ન કરવું.. વગેરે નિયમો તો નેવે મૂકાઈ ગયા છે !

અજાણ્યા ઘરનું પાણી ન પીવાય તો ભોજન ક્યાંથી કરાય ? નીચગોત્રવાળા - નીચજાતિવાળા જ મોટા ભાગે રસોઈઘરમાં કામ કરે છે. પીરસવાવાળા પણ કેવા ? આવા સમયે ખૂબ જ સાવધ બનવાનું છે ભોજન અંગેના નિયમો પાળવા જરૂરી છે. એની પાછળ વૈજ્ઞાનિક કારણો પણ સમાયેલાં છે. વ્યવહાર - વિજ્ઞાન ધર્મ વગેરેનો એમાં સમન્વય કરવામાં આવ્યો છે. 'અન્ન તેવું મન' 'આહાર તેવો ઓડકાર' વગેરે લોક-કહેવતો પણ આનું સમર્થન કરે છે. આહારથી જ શરીરમાં સાતે ધાતુઓ તૈયાર થાય છે તેથી વાત વિચારવાની છે કે - શરીર - મન - ઈન્દ્રિઓનું - ધાતુઓનું નિર્માણ કરવામાં દ્રવ્ય પણ સારું જ જોઈએ. મકાન સારું બનાવવા મટિરિયલ ઊંચું - સારું જોઈએ તો શરીરના નિર્માણમાં હલકું કેમ ચાલે ?

હંસ ચંચુન્યાયથી નીચેનાં પેપરોનાં અવતરણ વાંચવા વાચકોને વિનંતિ છે.

- સંપાદક

**પાણીજન્ય રોગચાળાના પગલે બે દિવસની કાર્યવાહી પછી મ્યુનિ. દ્વારા વડોદરામાં પાણીપૂરીના વેચાણ પર પ્રતિબંધ !**

વડોદારામાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે ત્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને રોગચાળો અટકે નહીં ત્યાં સુધી પાણીપૂરીનું વેચાણ બંધ કરી દેવાનો આદેશ ફરમાવીને પાણીપૂરીના ધંધાર્થીઓને ત્યાં દરોડા પાડવાની શરૂઆત કરી છે. આજે બીજા દિવસે પણ કોર્પોરેશને પૂરી બનાવતા ૭ યુનિટો પર સપાટો બોલાવી ૬ હજાર કિલો અખાદ્ય પૂરીના જથ્થાનો નાશ કર્યો હતો.

**૬૦૦૦ કિલો અખાદ્ય પૂરી, ૯૫૦ લિટર પાણી, ૫૭૦ કિલો બટાટા - ચણાનો બગડેલો માવો, ૨૦૦ કિલો ચટણીનો નાશ કરાયો.**

મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગની ખોરાક શાખાના ફૂડ સેફ્ટી ઓફિસરોની બે ટીમે વડોદરાના વિવિધ વિસ્તારોમાં પૂરી બનાવતાં ૫૦ યુનિટોમાં ચેકીંગ કરીને ૪ હજાર કિલો અખાદ્ય ચણા-બટેટા અને ૧૨૦૦ લિટર પાણીપૂરીના પાણીના જથ્થાનો નાશ કર્યો હતો. એ પછી આજે ફરી પાછી બે ટીમ વડોદરાના વિવિધ વિસ્તારમાં ફરી હતી. છાણી નવાયાર્ડ, મારૂતિધામ, ઉકાજી વાડિયું અને આસપાસના વિસ્તારમાં સવારે પૂરી-પકોડી બનાવતા ૭ યુનિટો અને ૧૧ લારીઓમાં ચેકીંગ કર્યું હતું. જેમાં ૬ હજાર કિલો ખાઈ ન શકાય તેવી પૂરી, ૫૭૦ કિલો ચણા-બટેટા, ૨૦૦ કિલો ચટણી અને ૯૫૦ લિટર પાણીપૂરીના પાણીનો નાશ કર્યો હતો. આ તમામ સ્થળે સ્વચ્છતાનું કોઈ ધારા-ધોરણ જળવાયેલું ન હતું. જેથી નોટિસો ફટકારીને પાણી જન્ય રોગચાળો અટકે નહીં ત્યાં સુધી પાણીપૂરીનું ઉત્પાદન અને વેચાણ નહીં કરવા કડક સૂચના આપી હતી. ફૂડ સેફટી ઓફિસરોની ટીમો દ્વારા પાણી-પૂરીના ધંધાર્થીઓ પર સતત ચેકીંગ કાર્યવાહી ચાલુ રાખશે, તેમ જાણવા મળ્યું છે.

**અમદાવાદ-વડોદરા બાદ સુરતમાં પણ પાણી-પૂરી પર તવાઈ**
**સુરતમાં પૂરી અખાદ્ય તેલમાં તળાય છે : ૨૦૦ કિલાનો જથ્થો જપ્ત**

અમદાવાદ, વડોદરા બાદ હવે સુરતમાં પાણીપૂરીની પૂરી પર તવાઈ આવી જતાં મ્યુનિ. તંત્રએ પાણીપૂરી બનાવવાળાને ત્યાં દરોડાની કામગીરી શરૂ કરી છે. મ્યુનિ. ના દરોડા દરમિયાન સુરતમાં એક જગ્યાએ અખાદ્ય તેલમાં પાણીપૂરી માટેની પૂરી તળવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. તેમજ ભારે ગંદકી જોવા મળતાં પૂરી બનાવવાની કામગીરી બંધ કરાવી તેલના ડબ્બા જપ્ત કરાયા



હતા. ઉપરાંત પાણીપૂરીની લારીઓ પર ચકાસણી કરાતાં ૫૦૦ કિલો અખાદ્ય પદાર્થ અને ૧૦૦૦ લિટર પાણીપૂરીનું પાણી કબજે લઈ નાશ કરાયો હતો.

**લારીઓ પરથી ૫૦૦ કિલો અખાદ્ય પદાર્થ અને ૧૦૬૫ લિટર બગડેલું પાણી મળ્યું.**

સુરત મ્યુનિ. તંત્રએ પણ પાણીપૂરી સામે કાર્યવાહી શરૂ કરી છે. સિટીમાં પાણીપૂરીની પૂરી મોટાપાયે બને છે, તે નાનપુરા હિજડાવાડમાં મ્યુનિ. ની ટીમ ચકાસણી કરવા પહોંચી ત્યારે દ્રશ્ય જોઈને ચોંકી ગઈ હતી. ચકાસણી દરમિયાન જે તેલમાં પૂરી તળવામાં આવતી હતી તે તદ્દન હલકી કક્ષાનું જણાયું હતું. તેમજ અખાદ્ય થઈ ગયેલા તેલનો પૂરી તળવા માટે વારંવાર ઉપયોગ કરાતો હતો. અહીંથી અખાદ્ય તેલના ૨૦ જેટલા ડબ્બા પણ મળી આવતા જપ્ત કરાયા હતા. દરમિયાન આજે દિવસ દરમિયાન સુરતના જુદા જુદા વિસ્તારોમાં પાણીપૂરીની લારીઓ ઉપર પણ દરોડા પડાયા હતા. ૫૩૨ જેટલી લારીઓની તપાસ કરવામાં આવી હતી. જ્યાંથી કુલ ૫૦૦ કિલો અખાદ્ય પદાર્થ મળી આવ્યો હતો. ઉપરાંત પાણીપૂરી માટે વપરાતું ૧૦૬૫ લિટર પાણી જે બગડી ગયેલું હતું, તે પણ જપ્ત કરીને તેનો નાશ કરાયો હતો. લોકોને અખાદ્ય સામગ્રી સાથે પાણી-પૂરી ખવડાવતા લારીવાળાઓને કુલ રૂા.૭૧,૪૦૦ નો દંડ પણ ફટકારાયો છે.

**દરરોજ બહારનું તેમજ ફાસ્ટફૂટ ખાનારા સાવધાન....**
**પૂણેમાં સમોસાની મીઠી ચટણીમાં ઉંદરનું મૃત બચ્ચું મળતાં ચકચાર**

અંબરનાથમાં વડાપાવમાં મૃત ગરોળી મળી હોવાની ઘટના હજી ભૂલાઈ નથી ત્યાં પૂણેના એક મીઠાઈની દુકાનમાંથી સમોસાની મીઠી ચટણીમાં મૃત ઉંદરનું બચ્ચું મળી આવતાં ખળભળાટ મચ્યો છે. પૂણેની રસ્તા પેઠની એક પ્રસિદ્ધ હોસ્પિટલ પાસે આવેલી દુકાનમાં આ બનાવ બન્યો છે. આ ઘટના ગણેશ ચતુર્થીની સાંજે બની હતી. એક ગ્રાહકને અપાયેલ સમોસાની ચટણીમાં મૃત ઉંદરનું બચ્ચું મળી આવ્યું હતું. આથી હંમેશા ગ્રાહકોથી ખીચોખીચ ભરેલી રહેતી આ દુકાનમાં સમોસા, વડાપાવ ખાવા આવતાં ગ્રાહકોમાં ખળભળાટ મચ્યો છે. આ ઘટનાની માહિતી મળતાં જ અન્ન અને ઔષધ પ્રશાસન વિભાગના અધિકારીઓએ આ સેંટરના વિવિધ પદાર્થોના નમૂના તપાસણી માટે જમા કરી તે પ્રયોગશાળામાં મોકલ્યા છે. પ્રયોગશાળાનો અહેવાલ આવે ત્યાં સુધી આ દુકાનો બંધ રાખવાનો આદેશ અપાયો છે. પ્રયોગશાળાનો અહેવાલ ન આવે ત્યાં સુધી એફડીએએ દુકાન બંધ રાખવા આદેશ આપ્યો. ધ

## પાછળ રહેવામાં લાભ

**शून्येऽरण्ये भवने, ग्रामे तोये वने च संग्रामे ।**

**आरोहे प्यवरोहे च, पुरः सरेन्न पथि रात्रौऽच ।।**

નિર્જન પ્રદેશમાં, જંગલમાં, મકાનના પ્રવેશમાં, ગામમાં જતાં, પાણીમાં ઊતરતાં, વનમાં, સંગ્રામમાં, ઉપર ચઢવામાં કે નીચે ઉતરવામાં, માર્ગમાં અને રાત્રિના સમયમાં પાછળ રહેવામાં લાભ છે. મતલબ, આગળ ન જવું.

**-ઉપદેશપ્રાસાદ**